# કૂતરું ક્યારેક કડે ચડાવી દે ખરું!

જ્યારે ઘરમાં નવી કાર આવે છે ત્યારે સાથે નવાજૂના પ્રશ્નો પણ લઈને આવે છે. કાર સાથે જોડાયેલી કેટલીક સમસ્યાઓ તો કાયમી છે જ, પણ કેટલીક આપણી નજરમાં ન આવી હોય તેવી અનોખી સમસ્યાઓ પણ છે.

આપણે નવી સવી કાર લીધી હોય અને શેરીમાં પાર્ક કરી હોય. વહેલી સવારે પાંચ વાગ્યામાં બહાર જવાનું હોય. એક બાજુ ધીમો ધીમો ઝરમર ઝરમર વરસાદ વરસતો હોય. આપણે બહાર જવાનું હોય એટલે છત્રી વિના દોડીને આવીએ અને વધુ ભીંજાઈએ તે પહેલા કારમાં ઘૂસી જવાનો પ્રયત્ન કરીએ. ત્યાં જ કાર નીચેથી કૂતરાનો વિચિત્ર અવાજ સંભળાય. તે જાણે કે એમ કહેતું હોય એવું લાગે કે અત્યારે કાર ક્યાં લઈ જાઓ છો! પેલું બાઈક લઈ જાવ ને, કાર ભલે પડી! કારણ કે ઝરમર વરસાદથી બચવા કાર નીચે ઘૂસીને કૂતરાએ નિરાંતે લંબાવ્યું હોય છે. તમને થશે કે ઠીક છે,કૂતરું ચોમાસા પૂરતું હેરાન કરતું હશે. પણ ના, એવું નથી. ઋતુઓ બદલાય છે પણ કૂતરું બદલાતું નથી. કૂતરાની કલ્ચરલ એક્ટિવીટી તો બારેમાસ એ જ હોય છે. તેથી આપણને થાય કે કાર આપણા માટે લીધી છે કે કૂતરા માટે? કારણ કે આપણા કરતાં તો કારનો વધુ ઉપયોગ કૂતરું કરે છે અને તે પણ એક રૂપિયો ખર્ચ્યા વિના! સાલુ હપ્તા આપણે ભરીએ ને મોજ કૂતરા કરે. કૂતરું તો નિરાંતે સુવા માટે કારનો ઉપયોગ કરે છે. ઉપરાંત વ્હીલનો સદુપયોગ કરે એ તો જુદો!

આપણે કાર નીચેના કૂતરાને ગભરાવવા જરા ધડામ દઈને દરવાજો બંધ કરીએ. છતાં કૂતરાના ઈરાદા બદલાતા નથી. એ લોકોના ઈરાદા મક્કમ હોય છે. આપણે તો નવી નવાઈની છેક હવે કાર લીધી, જ્યારે શ્વાનની તો સાત સાત પેઢીઓ કાર નીચે સૂઈ સૂઈને મોટી થઈ હોયએટલે તે દરવાજાનો અવાજ સાંભળી કારનો ત્યાગ કરતું નથી. ગાડીનો સેલ્ફ મારીએ, એન્જિનનો અવાજ સંભળાય તોય તેના પેટનું પાણી હલતું નથી. કૂતરું નીચે રહે અને તેને સહેજ પણ ઈજા પહોંચાડ્યા વિના તેના ઉપરથી કાર કાઢી લેવી એવા કૂશળચાલક તો આપણે ન હોઈએ. એટલે પછી એક જ વિકલ્પ બાકી રહે કે સૌથી પહેલા કાર નીચેથી કૂતરાને કાઢવાનું. સામે કૂતરું આપણને કારમાંથી કાઢવાનો મક્કમ ઈરાદો લઈને બેઠું એટલે કે સૂતું હોય છે. વળી કૂતરું મનોમન એમ પણ કહેતું હોય કે ‘અરે ભાઈ તારી કાર મારે નથી જોઈતી પણ જરા જંપવા દેને. નહીં તારી કારને બચકૂં ભરી લઈએ!’ ઋતુ ગમે તે હોય કૂતરું કાર નીચે ઘૂસી જવાની એક પણ તક છોડતું નથી. એમાંય શિયાળો હોય બહાર શેરીમાં કાર પાર્ક કરી હોય તો તે અચૂક કાર નીચે ઘૂસીને નિરાંતે ઊંઘ ખેંચે છે. એમ તો રાત્રે બે વાગ્યે તેની ન્યાતમાં ક્યાંય સખળ ડખળ સંભળાય તો તરત જ ગાઢ નિદ્રા નો એક જ ક્ષણમાં ત્યાગ કરીને બહાર દોડી ન્યાતની સેવામાં યથાશક્તિ ફાળો નોંધાવે છે. દિવસે કૂતરાની જેમ ભટકતા કેટલાક માણસો રાત્રે ત્રણ ચાર વાગ્યાની ઘટાટોપ ઊંઘ માણતા હોય અને જો ત્યારે કૂતરાઓનું કોલ્ડ પ્લે શરૂ થાય તો તે માણસ ક્ષણવારમાં પોતાની ઊંઘને ગોળીએ દઈને કોલ્ડ પ્લેના કોરસમાં જોડાઈને અડધોક કલાક વૈવિધ્યસભર હૂંઉ.. ઉ, હૂંઉ.. ઉ,જેવા સૂરો સાથે ગળું છૂટું મૂકે છે. તેના સૂરો



**તેથી આપણને થાય કે કાર આપણા માટે લીધી છે કે કૂતરા માટે? કારણ કે આપણા કરતાં તો કારનો વધુ ઉપયોગ કૂતરું કરે છે અને તે પણ એક રૂપિયો ખર્ચ્યા વિના! સાલુ હપ્તા આપણે ભરીએ ને મોજ કૂતરા કરે, કૂતરું તો નિરાંતે સુવા માટે કારનો ઉપયોગ કરે છે**

સાંભળીને રાતે કોઈકનો પીતો છટકે છે. એટલે આ બાજુ કૂતરું ગળું છૂટું મૂકે અને પેલી બાજુ પેલો બડિયો છૂટો મૂકે છે.(બડિયો એટલે બે ત્રણ ફૂટનો ધોકો) કહેવાય છે કે મહારથી કર્ણ, દશરથ રાજા, પૃથ્વીરાજ ચૌહાણ, બાજીરાવ પેશવા વગેરે મહાપુરુષો શબ્દવેધી બાણવિદ્યાના નિષ્ણાત હતા. એ જ રીતે કૂતરાના કોલ્ડ પ્લેથી રાત્રે ચાર વાગ્યે છંછેડાયેલો મનુષ્ય પણ શબ્દવેધી ધોકાવિદ્યાનો નિષ્ણાત હોય છે. તે કશું જોયા વિના કૂતરાના અવાજની દિશામાં બડિયાને રમરમતો મૂકે, એટલે બે’ક ને તો અચૂક આંટી દે. કૂતરાના કરુણ કાંઉકારા પરથી ખબર પણ પડે કે તીર બરાબર નિશાન પર વાગ્યું છે. આવા બડિયાનો લાભ જે કૂતરાઓ બહાર ઉભા હોય એને જ મળે. કાર નીચે ઘૂસીને પડ્યા પડ્યા સૂર પૂરાવતા હોય તેમનું બડિયો કશું બગાડી શકતો નથી.

શિયાળાની વહેલી સવારે પાંચેક વાગ્યે જો શેરીમાં પાર્ક કરેલી કાર લઈને નીકળવાનું હોય તો કાર નીચે કૂતરું અચૂક હોય જ. કારણ કે શિયાળાના પશ્ચિમી વિક્ષોભના પવનોથી (વેસ્ટર્ન ડિસ્ટર્બ) બચવા કૂતરા માટે કાર ઢાલની ગરજ સારે છે અને આવી ઢાલ નીચેથી કૂતરાને કાઢવા માટે આપણાથી તલવાર લઈને નીકળાતું નથી. વહેલી સવારમાં પાંચેક વાગ્યે છીછ્... છીછ્, હત્..હત્ કરીએ તો કેટલાક ખાટસવાદિયા જરાક અમથી બારી ખોલીને જુએ કે ‘મારો બેટો આટલી વહેલી સવારે કોને છીછ્કારા કરે છે. પણ કૂતરાને તો વર્ષોથી ખબર હોય કે કારવાળા લોકો વહેલી સવારે આવા અવાજો કરતા હોય છે. એટલે કૂતરા તેને કાનહારો દેતા નથી (ગણકારતા નથી.) અને સવારના પાંચ વાગ્યામાં કંઈ લાકડીઓ લઈને તો ન નીકળાય. વહેલી સવારમાં હાથમાં લાકડી જોઈને કૂતરા કારણ વિના ભસવા લાગે.છેવટે કાર નીચેથી કૂતરાને કાઢવા માટે લાકડીનો ગોદો મારવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. કોઈ શિક્ષક,પ્રોફેસર, સુગમ સંગીતના કલાકાર આદિએ કાર ખરીદી હોય પણ તેમના ઘરમાં લાકડી ન હોય. કારણ કે તેમને લાકડી વસાવવાનો અહિંસક વિચાર ક્યારેય આવતો જ નથી. એટલે તેમના ઘરમાં તો લાકડીઓ હોય નહીં અને પાંચ વાગ્યામાં લાકડી માટે પડોશીના બારણા ખખડાવાય નહીં. કારણ કે તે આપણને ખખડાવી નાખે. તેમ છતાં કોઈના ઘરમાં લાકડી હોય અને તે આત્મા જીવનો ઉદાર હોય તો લાકડી આપવા તૈયાર થાય ખરો પણ લાકડી સાથે જ તીર જેવો પ્રશ્ન પૂછે કે ‘તમારે લાકડીને શું કરવી છે!?’તમારે અત્યારમાં લાકડીની કેમ જરૂર પડી!? વહેલી સવારે પાંચ વાગ્યામાં પડોશી પડોશી પાસેથી કદાચ દૂધ,ખાંડ કે ચા લેવા આવે પણ લાકડી લેવા તો ન જ આવે. એટલે આમાં તો કોઈપણને કૂતુહલ જાગે કે આ ભાઈએ પાંચ વાગ્યામાં કોની સાથે પડોશી ધર્મ બજાવવો હશે તે લાકડીની જરૂર પડી. આપણે કહીએ કે કાર નીચે ઘૂસી ગયેલા કૂતરાને કાઢવું છે તો પ્રથમ દ્રષ્ટિએ તો માને નહીં અને કોઈક વળી ઠપકાભર્યા સૂરમાં કહે કે એમાં લાકડીની શી જરૂર! એ તો જરાક જોરથી હઈડહઈડ કરો એટલે નાસી જાય. આપણે તેને કેમ સમજાવું કે આજકાલના કૂતરા ફક્ત ઓર્ગેનિક હઈડહઈડ કરવાથી કબજો ખાલી કરતા નથી. તેની સામે કડક પગલાં લેવા પડે છે. અમારા બે કારવાળા બેકાર( ક્યારેય કામમાં ન આવે તેવા!) પડોશી એકવાર સવારે કૂતરાને કાર નીચેથી કાઢવા મધ્ય સપ્તકના સૂરથી હઈડહઈડ કરતા’તા અને કૂતરું કાર નીચે નિરાંતે સૂતું તું. તો પાંચ વાગ્યે (અર્લી) મોર્નિંગ વોકમાંથી ઘેર પાછા ફરેલા એક મજબૂત પડોશીએ વણમાંગી સલાહ આપી કે બરાબર જોર લગાવીને હઈડકારા,પડકારા કરો એટલે કૂતરું ઊભી પૂંછડીએ જશે. પેલા કારધારકે કહ્યું કે એમ કરશું તો કૂતરાની પહેલા તો પડોશીઓ ઘરમાંથી બહાર નીકળી આવશે.

**નબોલવામાં નવ ગુણ**

★ નટવર પંડયા

અમારા બીજા પડોશી શેરીમાં કાર પાર્ક કરે છે. મગજના થોડા તેજ ખરા.(‘તેજ’એટલે તેજસ્વી નહીં પણ મગજના ફટકેલ!) તેની કાર નીચે કૂતરું દરરોજ રાત્રે સૂઈ જાય. એક દિવસ પાંચ વાગ્યામાં બહાર જવું હતું તે કૂતરાને કાઢવા માટે ઘણા પ્રયોગો કર્યા પણ પરિણામ શૂન્ય. છેવટે લાકડીના ગોદા માર્યા તો પણ પરિણામ શૂન્ય! તેમના પહેલી સભાના કાર્યક્રમથી જાગીને હું ત્યાં ગયો તો મને કહે, આ કૂતરાને લાકડીના ઘણા ગોદા માર્યા તોય કાર નીચેથી નીકળતું નથી. મેં કહ્યું, “ક્યાંક કૂતરું કાર નીચે જ કૈલાસવાસી તો નથી થઈ ગયું ને! તમે ધીમેથી કાર રિવર્સ લો એટલે કૂતરા નો પગ કે પૂંછડી દબાશે તો તે કારમો કાંઉકારો નાખશે એટલે ખબર પડી જશે કે કૂતરું મૃત્યુ પામ્યુ નથી પણ મૃત્યુલોકમાં જ છે. તેણે કાળજીપૂર્વક કાર રિવર્સ લીધી અને દૂર ઊભી રાખી પણ કૂતરાએ વહેવાર સાચવવા પૂરતો એક નાનો અમથોય કાંઉકારો ન કર્યો. પછી તેઓ કારમાંથી ઊતરીને કૂતરા પાસે ગયા અને આશ્ચર્યથી બોલ્યા, “ધત તેરી કી! આ તો કૂતરું નહીં કંતાન છે!”

આમ આજે કૂતરાએ ગાડી નીચે આરામ ફરમાવ્યો નહોતો પણ પેલા ભાઈએ વહેલી સવારે કંતાનને લાકડીના ગોદા માર્યા. આને કહેવાય ઢૂહા ધોકાવ્યા. આમ કૂતરુ ક્યારેક કડે ચડાવી દે ખરુ! માટે કાર ખરીદતા પહેલા કાર નીચે ઘૂસી ગયેલું કૂતરું કઈ રીતે કાઢવું તે શીખવું જરૂરી છે. વહેલી તકે શીખી લો,પછી ટાઈમ નહીં રહે!

## -:: ગરમાગરમ ::-

પતિ :- ચા ની ભૂકી ક્યાં છે ?

પત્ની:-તમને પુરુષોને કોઇ કામ ચીંધીએ, તો સાવ જીવ લઈ લો છો !

સામે જ વસ્તુ પડી છે, આંખોથી દેખાતું નથી!?

વાસણ ગોઠવવાનું કબાટ ખોલો, મસાલાના ખાનામાં બોર્નવીટાનો ડબ્બો રાખ્યો છે. એના પર ‘મીઠું’ લખેલું છે.એની અંદર ચા ની ભૂકી છે !